1. મધ્યકાલીન ભારત નોં ઇતિહાસ જાણવામાં સાહિત્યિક સાધનો પ્રમાણ મા શાથી વિશેષ ઉપયોગી છે ?

➤ મધ્યકાલીન ભારત નોં ઇતિહાસ જાણવા માટે સાહિત્યિક સાધન સામગ્રી એક અત્યંત આધારભૂત સ્રોત છે. ભારત પર આક્રમણો કરીને વિવિધ રાજ્યો જીતનાર તુર્ક વિજેતાઓ પોતાની સાથે ઇતિહાસ લેખનકલાના કુશળ વિધવાનો ને લઈને આવ્યા હતા. આ લેખકો ના લખાનો તથા ભારતના પ્રવાસે આવેલા વિવિધ દેશોના પ્રવાસીઓ ની નોંધો મા તત્કાલિન ભારત ની રાજકીય, સામાજિક, ધાર્મિક, આર્થિક અને જનજીવન ને લગતી માહિતીની વિસ્તૃત છણાવટ જોવા મળે છે. ઇતિહાસ ની જાણકારી માટે ટે અત્યંત ઉપયોગી અને આધારભૂત ગણાય છે. આથી મધ્યકાલીન ભારત ણો ઇતિહાસ જાણવા મા સાહિત્યિક સાધનો પ્રમાણમા વિશેષ ઉપયોગી છે.

2. દિલ્લી સલ્તનતના પ્રારંભિક શાસકો મામલૂકવંશી તુર્ક હોવા છતાં શા માટે ગુલામવંશના ગણાય છે?

➤ ભારતમાં કુતુબુદીન ઐબક દ્વારા સ્થાપિત વંશ ઇતિહાસમાં ગુલામવંશ ના નામે ઓળખાય છે. કારણ કે આ વંશ ના કુલ નવ સુલતાનોમાંથી મુખ્ય ત્રણ સુલતાનો કુતુબુદીન ઐબક, ઇસ્તુત્મિશ અને બલ્બન મૂળ ગુલામ હતા. કુતુબુદીન સિવાયના બાકીના અને સુલતાનોએ ગાદી પર આવતા અગાઉ ગુલામાંથી મુક્તિ મેળવી લીધી હતી. કુતુબુદીને મોહમ્મદ ઘોરીના વારસદાર ગ્યાસુદીનને વિધીસર મુક્ત કરતો પત્ર લખીને ગુલામીમાંથી મુકિત આપી હતી. આથી દિલ્લી સલ્તનતના પ્રાંરભિક શાસકો મામલુક જાતિના તુર્ક હોવા છતાં તેમનો વંશ 'ગુલામવંશ' તરીકે ઓળખાય છે.

3. રઝિયા સુલતાના સક્ષમ અને સફળ હોવા છતાં શાથી લાંબુ શાસન કરી શકે નહિં?

➤ બાળપક્ષથી રઝિયાના ગુણો અને વ્યવહારોથી પ્રભાવિત થઈ તેના પિતા ઈસ્તુત્મિશે તેને અક્ષરજ્ઞાન, ધાર્મિક શિક્ષણ , ઘોડે - સવારી, તલવાર, તીરે અને ભાષાનો ઉપયોગ, સંચાલન વગેરેને લગતું શિક્ષણ આપ્યું મહતું. તેણે રઝિયાને પોતાની ઉત્તરાધિકારી જાહેર કરી હતી. દિલ્લી ગાદી પર કેસના રઝિયા પ્રથમ મહિંસા શાસિકા જોતી. તેણે પોતાના આશરે ચાર વર્ષના શાસનકાળ દરમિયાન એક સફળ શાચિકા તરીકેની કામગીરી બજાવી હતી. સુલતાના ન્યાયી, ઉદાર અને વિધવાનોની પુરસ્કર્તા હતી. એક શાસકમાં હોવા જોઈતા તમામ ગુણો અને લાયકાત તેનામાં વિધ્યમાન હતા. આમ છતાં રઝિયા સુલતાન પદે આવી તો પણ રાજય ના તમામ અમીરો, સામંતો, સુબાઓ અને અધિકારીઓનું સમર્થન તેને મળ્યું નહી, કેમ કે એક મહિલા રાજયની માલિક બને એ તેમને કોઈ પણ રીતે સ્વીકાર્યું ન હતું. આથી રઝિયા સુલતાના સમર્મ અને સંહળ હોવા છતાં લાંબુ શાસન કરી શકી નહિ.

4. ગુજરાતના સુલતાન મહમૂદને 'બેગડો'નું ઉપનામ સાથી મળ્યું?

➤ ઈ. સ. 1458માં સુલતાન મહમૂદ ગુજરાતમાં સત્તાસ્થાને આવ્યો. તેના શાસનકાળ દરમિયાન તેણે વિવિધ ક્ષેત્રે અદભૂત સિદ્ધિઓ હાંસલ કરી. તેમાંય તેની લકરી સિદ્ધિઓ અત્યંત મહત્ત્વપૂર્ણ ગણાય છે. તેણે ઇતિહાસપ્રસિદ્ધ નગર અને અજેય ગણાતા કિલ્લાવાળા જુનાગઢ પર આક્રમણ કરી, ચુડાસમા વંશના રાજા રા'માંડલિકને પરાજય આપી જૂનાગઢ પર વિજય પ્રાપ્ત કર્યો. જૂનાગઢની જેમ ચાંપાનેરનો કિલ્લો પણ અજેય ગણાતો હતો. પાવાગઢની તળેટીમાં આવેલા ચાંપાનેરના રાજા જયસિહ રાવળ પર આક્રમણ કરી, તેને પરાજય આપ્યો અને ત્યાં પોતાની

સત્તા સ્થાપી. આમ, ગુજરાતના સુલતાન મહમૂદે અજેય ગણાતા જૂનાગઢ અને પાવાગઢ (ચાંપાનેર) એ બે ગઢ જીત્યા હોઈ તેને 'બેગઢો' (અપભ્રંશ બેગડો)નું ઉપનામ મળ્યું.

5. સલ્તનતકાળમાં ભક્તિ અને સુફી આંદોલનો શાથી લોકપ્રિય નીવડ્યાં?

➢ સલ્તનતકાળ દરમિયાન હિન્દુ-મુસ્લિમ ધર્મોએ એકબીજા પર મહત્ત્વની અસરો કરી હતી. ભક્તિ સંપ્રદાયનું મૂળ હિન્દુ શાસ્ત્રોમાં હતું અને સૂફી મતનું મૂળ કુરાને શરીફમાં હતું. ભક્તિ સંપ્રદાયના બધા જાય અને સંતોએ એ કેશ્વરવાદ પર ભાર મુક્યો. બાહ્ય ક્રિયાકાંડ વિના સાદાઈપુર્વક એક જ ઈશ્વરની ભક્તિથી મોત મળે છે એ તેમના ઉપદેશનો સાર હતો. તેમણે ઊંચનીચના ભેદભાવનો અસ્વીકાર કર્યો હતો. સુફી સંતોએ પણ ભારતમાં શાંતિમય માર્ગો દ્વારા ઇસ્લામનો પ્રચાર કર્યો હતો. આથી સલ્તનતકાળમાં ભક્તિ અને સુફી આંદોલનો લોકપ્રિય નીવડ્યો.

6. દિલ્લીની સત્તા કુતુબુદ્દીન ઐબકના હાથમાં કઈ રીતે આવી?

➢ મોહમ્મદ ઘોરીએ અનેક રાજપૂત રાજાઓને હરાવ્યા અને એ રાજ્યો પર કતબદીન ઐબકને સુબા તરીકે નીમ્યો. ગઝની પરત જતાં માર્ગમાં સિંધના ખોખરોને હાથે ધમયક મુકામે તેનો વધ થયો. મોહમ્મદ ઘોરી ને કોઇ ઉત્તરાધિકારી નહી હોવાથી દિલ્લી ની સતા કુતુબુદ્દીન ઐબેકના હાથમાં આવી.

7. ગ્યાસુદીન બલ્બને ક્યાં અગત્ય ના કાર્યો કર્યા?

➢ ગ્યાસુદીન બલ્બને સતા અને સામ્રાજય ને દ્રઢ કર્યા. ચાલીસના જૂથને બરખાસ્ત કર્યું. ગુપ્તચર વિભાગ નું અને લશ્કરનું પુનઃગઠન કર્યું. નિષ્પક્ષ ન્યાય તંત્ર ની સ્થાપના કરી. રાજયભર ના બળવાઓનું શમન અને માંગોલ આક્રમણ હટાવવા જેવા અગત્ય ના કર્યો કર્યા.

8. અલાઉદ્દીન ખલજી એ કયા કયા વિજયો મેળવ્યા હતા ?

➢ અલાઉદ્દીન ખલજીએ ઉતર ઈમારત ખાતે ગુજરાત,રણથંભોર, ચિતોડ, માળવા , ઝાલોર અને સિવાના તથા દક્ષીણ ભારત ખાતે વારંગલ, દેવગિરિ, હોયતળ, પાડય, મદુરા અને રામેશ્વર સુધીના વિજયો મેળવ્યા હતા.

9. મુહમ્મદ તુઘલકની તરંગી યોજનાઓ કઈ કઈ હતી છે.

➢ મુહમ્મદ તુલિકની તરંગી યોજનાઓ : (1) ખોરાસન ઈરાન અને ટ્રાંસ ઓસ્કિયાનો પ્રદેશ જીતવાની યોજના (2) દિલ્હી થી દોલતાબાદ અને દોલતાબાદથી દિલ્લી રાજધાની ખસેડવાની યોજના. (3) પ્રતીકમુદ્રાની યોજના તથા (4) દોઆબના પ્રદેશમાં કરવેરા, વધારવાની યોજના.

10.સલ્તનતકાળ દરમિયાન કયા કયા પ્રદેશોમાં પ્રાંતીય રાજયોનો ઉદય થયો?

➢ તુઘલકવંશ પછી થોડા સમય માટે સૈયદ અને લોદી વંશના શાસનકાળમાં સલ્તનતની સત્તા સ્થિર થઈ. ઈ. સ. 1526માં બાબરના આક્રમણે દિલ્લી સલ્તનતનો અંત આવ્યો. આ સમયગાળામાં કેન્દ્રથી દૂર કેટલાક પ્રદેશોમાં પ્રાંતીય રાજ્યોનો ઉદય થયો, જેમાં ગુજરાત, ખાનદેશ, માળવા, જૌનપુર, બંગાળ, સિંધ, વિજયનગર, ભરૂચની તેમજ મુલતાનનો સમાવેશ થાય છે.

## 11. ખાનદેશમાં સ્વતંત્ર રાજય કઈ રીતે સ્થપાયું? તેનો અંત કઈ રીતે આવ્યો?

➢ તાપી નદીની ખીણમાં આવેલો ખાનદેશ ફિરોજ તુઘલકના શાસનના અંત સુધી દિલ્લી સલ્તનતનો એક પ્રાંત હતો. ત્યારપછી ત્યાં ફેલાયેલી અવ્યવસ્થાનો લાભ લઈ મલેક રાજા ફારુકીએ તેને સ્વતંત્ર રાજય જાહેર કર્યું. ઈ. સ. 1601 માં અકબરે તેને જીતી મુઘલ સામ્રાજયમાં ભેળવી દીધું.

## 12. જૌનપુર કલા, સાહિત્ય અને વિદ્યાનું કેન્દ્ર કઈ રીતે બન્યું?

➢ ફિરોજ તુઘલકે મુહમ્મદ તુઘલક(જૂનાખાન)ના નામ પરથી આ નગર વસાવ્યું હતું. તેને રાજધાનીનો દરજ્જો આપવાનું કાર્ય મુહમ્મદ તુઘલકના એક સુબાએ કર્યું હતું. દિલ્લી સલ્તનતની પડતીના દિવસોમાં જૌનપુર સ્વતંત્ર થઈ જતાં તે કલા, સાહિત્ય અને વિદ્યાનું કેન્દ્ર બન્યું હતું.

## 13. બંગાળ સ્વતંત્ર રાજય કઈ રીતે બન્યું?

➢ ઈ. સ. 1198 માં કુતુબુદ્દીન એબકના સેનાપતિ મુહમ્મદ બખત્યાર ખલજીએ રાજા મિત્રદેવ પાસેથી બંગાળ જીતી લીધું હતું. પરંતુ, તણે બંગાળની રાજધાની નદીયાથી ગૌડ મુકામે ખસેડી હતી. ઇ.સ. 1345 થી બંગાળ સલ્તનત નું ખંડિયું રાજય મટી સ્વતંત્ર રાજય બન્યું. ઈ. સ. 1410માં સંકદીન નામના ત્યાંના શાસક પર રાજા ગણેશ નામના બ્રાહ્મણ રાજાનો પ્રભાવ વધતાં તેની સત્તા સ્થપાઈ. આ પછી તેના પુત્ર ઇસ્લામ અંગીકાર કરી બંગાળનું શાસન ચલાવ્યું.

## 14. ઇસ્તુત્મિશ ગુલામ વંશનો બીજો સફળ શાસક શાથી પુરવાર થયો?

➢ કુતુબદીન ઐબક પછી દિલ્લીની ગાદી પર આવનારા ઇલતુત્મિશ ગુલામવંશનો બીજો સકળ શાસક પુરવાર થયો. સત્તાસ્થાન આવ્યા પછી તેણે કેટલીક પ્રારંભિક મુશ્કેલીઓનો સફળતાપૂર્વક સામનો કયો, તેણે સુલતાનપદ અને પ્રતિષ્ઠાને સ્થિર અને સવર્ણોપરી બનાવવા ‘ચહલગાની’ (ચાલીસ અમીર)નું દળ ઊભું કર્યું. તેમને રાજ્યના ઉચ્ચ અધિકારી પદે નીમીને વહીવટીતંત્રને અસરકારક બનાવ્યું. તેણે ન્યાયતંત્ર વ્યવસ્થિત કર્યું અને અધિકારીઓને પગારને બદલે જાગીર આપવાની પ્રથા શરૂ કરી. આમ, ઇન્તુત્મિશ ગુલામવંશનો બીજો સફળ શાસક પુરવાર થયો.

## 15. ગ્યાસુદ્દીન બલ્બને ‘‘ચાલીસના જૂથને શા માટે બરખાસ્ત કર્યું?

➢ બલ્બન સમજતો હતો કે સુલતાનની નિરંકુશ સત્તાના માર્ગમાં સૌથી મોટું વિમ્ તુર્ક અમીરોનું છે. આ અમીરોનું નેતૃત્વ ‘ચાલીસના જૂથ’ના હાથમાં હતું. બલ્બનું માનતો હતો કે અમીરોની શક્તિનો નાશ કર્યા વગર સુલતાન પોતાની રાજનૈતિક શક્તિનો ઉપયોગ કરી શકશે નહિ તથા પોતાની પ્રજાનો પ્રેમ અને સન્માન પ્રાપ્ત કરી શકશે નહિઅમીરોના વર્ચસ્વને કારણે સુલતાનની સ્થિતિ એક સામંત જેવી થઈ ગઈ હતી. આથી ગ્યાસુદ્દીન બલ્બને પોતાને માટે અને પોતાના વારસદારોને માટે દિલ્હીની ગાદી સુરક્ષિત રાખવા ‘ચાલીસના જૂથને બરખાસ્ત કર્યું.

16. અલાઉદ્દીન ખલજી એક સફળ શાસક શાથી ગણાય છે?

- અલાઉદ્દીન ખલજીના લશ્કરી સુધારાઓ લાંબા સમય સુધી યાદગાર રહ્યા હતા, તેમાં કાયમી લકરની સ્થાપના, ઘોડાઓને દાગ દેવાની અને સૈનિકોના હુલિયા નોંધવાની પદ્ધતિ, ભરતી પરનું જાત-નિરીક્ષણ અને રોકડ પગાર ચુકવણી નોંધપાત્ર છે. તેના આર્થિક સુધારાઓમાં ભાવનિયમન, પુરવઠાનું નિયમન, લાઈસન્સ પ્રથા , સંઘરાખોરીની મનાઈ, જમીનની માપણી , મહેસુલી આકારણીઓ, બજાર પર નિયંત્રણ વગેરે મુખ્ય છે. આથી અલાઉદ્દીન ખલજી એક સફળ શાસક ગણાય છે.